# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-06-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્ય કક્ષા યોગદિવસની ઉજવણી વડનગર ખાતે કરાશે

**11 માં આંતર રાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આવતીકાલે વડનગરમાં કરાશે. વડનગર ના 11 સ્થળો પર કુલ 11 હજાર લોકો યોગમાં જોડાશે. યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં 311 જેટલી જગ્યાએ યોગના કાર્યક્રમ યોજાશે જેમાં 10 હજાર જેટલા લોકો ભાગ લેશે.**

**સ્વથ્ય ગુજરાત મેદસ્વીતા મુક્ત ગુજરાત વિષય વસ્તુ સાથે યોજાનાર યોગ દિવસની ઉજવણીનો ગ્રીનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવા પણ તેમણે કહ્યું હતું.**

**અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પ્રહલાદ નગર ગાર્ડન ખાતે યોગ દિનની ઉજવણીમાં ભાગ લેશે જ્યારે મુખ્યમંત્રી સહિતના તમામ મંત્રીઓ અલગ અલગ જિલ્લામાં યોગના કાર્યકમમાં ઉપસ્થિત રહેશે.**

**-----------------------------------------------------------------------------------------**

## જિલ્લા કક્ષાની યોગ દિવસની ઉજવણી

**જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ભુજના સ્મૃતિવન ખાતે યોજાશે. જિલ્લાના તમામ દસ તાલુકામાં યોગ દિવસની ઉજવણી તાલુકા કક્ષાએ કરવામાં આવશે તેવું કચ્છ કલેકટર આનંદન પટેલે જણાવ્યું હતું.**

**(બાઇટ : આનંદ પટેલ)**

---

## અમદાવાદ વિમાન દુર્ઘટના : DNA મેચ

**અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધી ૨31 મૃતકોનાં ડીએનએ નમૂના મેચ થયા છે. મૃતકોનાં ૨૨૦ સગાનો સંપર્ક કરવામાં આવ્યો છે, જેમાંથી ૨10 પરિવારોને તેમના સ્વજનોના પાર્થિવ દેહ સોંપાવામાં આવ્યા છે.**

**સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ મજણાવ્યું કે, જે ૨૨૩ મૃતકોના DNA મેચ થયા છે તેમાંથી ૧૬૮ ભારતના નાગરિક, ૭ પોર્ટુગલના, ૩૬ બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ ૧૧ સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે.**

---

## ગ્રામ પંચાયત ચૂંટણી

**કચ્છમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના પ્રચાર માટેના પડઘમ આજે શાંત થઇ જશે. જિલ્લાની 129 ગ્રામ પંચાયતમાં ચૂંટણી યોજાશે, જેમાં 108માં સામાન્ય, ત્રણમાં મધ્ય સત્ર, વિભાજન પામેલી સાત ગ્રામ પંચાયત અને 11 ગામમાં પેટા ચૂંટણી યોજાશે. આ ચૂંટણી માટે અંદાજે 288 મતદાન મથક તૈયાર કરાયાં છે, જેના માટે જિલ્લાનાં ચૂંટણી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.**

**આ ચૂંટણીઓ ઈવીએમ મશીનના બદલે બેલેટ પેપરથી યોજાવાની હોવાથી તંત્ર દ્વારા આ દિશામાં કામગીરી ચાલી રહી છે. કચ્છમાં કુલ્લ 30 પંચાયત સમરસ બની છે, જેમાં સૌથી વધુ ભુજમાં 9, અબડાસામાં એક, મુંદરામાં 5, માંડવીમાં 3, રાપરમાં 2, લખપતમાં એક, અંજારમાં 6, અને ભચાઉમાં 3નો સમાવેશ થાય છે,**

---

## કચ્છમાં કોરોનાના કેસમાં રાહત

કચ્છમાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાનો એક પણ કેસ ન નોંધાતા આરોગ્ય વિભાગ સહિત જિલ્લાવાસીઓએ હાશકારો અનુભવ્યો છે. એક સપ્તાહ પહેલા રોજે રોજ કોરોનાના નવા કેસ આવતા એક તબક્કે ચિંતા સર્જાઇ હતી. જિલ્લામાં હાલ કોરોનાના સક્રિય કેસનો આંકડો 12 છે અને જે કોરોના સંક્રમિત છે તેઓ હોમ હાઇસોલેસનમાં રાખવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## ભારતીય સેનામાં જોડાવા ઇચ્છુક યુવાનો માટે કેમ્પ

કોડાય ખાતે એસજેજી ગુરુકુળમાં ભારતીય સેનામાં જોડાવા ઇચ્છુક યુવાનો માટે `બ્રેવહાર્ટસ અગ્નિવીર આઉટરીચ કેમ્પ યોજાયો હતો. ટીએફઆર એનજીઓ- એને ઇમ અંગેંસ્ટ કરપ્શન અને ભારતીય આર્મીના સહયોગથી આયોજિત આ કેમ્પમાં કચ્છ ડિસ્ટ્રિક્ટ એક્સ સર્વિસમેન એસોસિએશનના પૂર્વ મહામંત્રી કે. બી. પિલ્લાઈએ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કચ્છ તેમજ આસપાસના વિસ્તારોના ભારતીય સેના માટે ઉત્સુક યુવાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------------

## શિફા હોસ્પિટલ દાન

ભુજની શિફા હોસ્પિટલના લાભાર્થે મુંદરા મુસ્લિમ યુવા ગ્રુપ દ્વારા આયોજિત શિફા કપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં એકત્ર થયેલી દાનની રકમ 18 લાખ 51 હજાર શિફા હોસ્પિટલના ટ્રસ્ટીઓને અર્પણ કરાઇ હતી. ટ્રસ્ટના પ્રમુખ હાજી આદમે કહ્યું હતું કે, સેવાનાં કામ માટે હંમેશાં સહયોગ મળતો રહે છે. શિફા હોસ્પિટલનું કામ શરૂ થયું ત્યારથી દાતાઓનું સ્વયંભૂ ડોનેશન મળી રહ્યું છે, તે માટે સર્વે હિન્દુ-મુસ્લિમ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## વ્યસન મુક્તિ ઝુંબેશ : મિરજાપર

જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરીનાં માર્ગદર્શન હેઠળ રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવકુમાર સિંઘની સૂચનાથી ગઇકાલે ભુજ તાલુકાનાં મિરઝાપર ગામે શાળાઓથી **100** મીટરની ત્રિજ્યામાં આવેલી દુકાનો અને કેબિનોમાં વ્યસનમુક્તિ ઝુંબેશ અંતર્ગત તમાકુ તથા તેની બનાવટોનું વેચાણ કરતા ધંધાર્થીઓ સામે કાયદાના ભંગ બદલ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો તેમજ સરકારી દવાખાના જેવા જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું ઉપયોગ કરતા લોકો વિરુદ્ધ પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

---